## રણાસણથી વોન્ટેડ બુટલેગર ઝડપાયો

ગાંધીનગર એસઓજી પી.આઈ.ની સુચનાથી તેમની ટીમે નાસતા ફરતા આરોપીઓ પકડવા કવાયત શરૂ કરી છે ત્યારે રણાસણ ગામનો વિપુલ રમેશ ઠાકોર નામનો બુટલેગર પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં એક વર્ષથી વોન્ટેડ હોવાની માહિતી એસઓજીને મળી હતી. આ શખ્સ રણાસણ ગામમાં હોવાની બાતમી મળતા ટીમે વોચ ગોઠવીને તેની ધરપકડ કરી લઈ પ્રાંતિજ પોલીસને સોંપવા તજવીજ શરુ કરી છે.

## સે-૨૭ ખાતે ચાલુ ફરજે એસઆરપી જવાનનું મૃત્યુ

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ખાતે રહેતા અને એસઆરપી ગ્રૃપ-૧૨માં ફરજ બજાવતા ૫૪ વર્ષીય બાબુસાહેબ એમ. ગાયકવાડ આજે સવારે સે-૨૭ ખાતે ફરજ પર તૈનાત હતાં. સવા આઠ વાગ્યાના અરસામાં અચાનક તેમને ચકકર આવવા લાગ્યા અને બેભાન થઈ ઢળી પડયા હતા તાત્કાલીક સરકારી ગાડીમાં તેમને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન તેમનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી વધુ તાપસ શરુ કરી છે. હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયુ હોવાની આશંકા વ્યકત થઈ રહી છે. જો કે કારણ પીએમ રીપોર્ટ બાદ જાણી શકાશે.

## સેકટર-૬-બી ખાતે રથયાત્રાનું પરંપરાગત સ્વાગત

રથયાત્રા નિમિત્તે ભગવાન જગન્નાથજીની રથયાત્રા શ્રી પંચેદવ મંદિરથી પ્રસ્થાન કરશે. રથયાત્રાનું સેકટર-૬-બીના સ્વામિનારાયણ મંદિર ખાતે પરંપરાગત સ્વાગત કરાશે. જેમાં સેકટર-૬-બીના રહેવાસી કનુભાઈ દવે રથયાત્રાનું પરંપરાગત મહારાજા સિધ્ધરાજના સમયમાં સાધુ સંતોનું કાસ્યથાળીનો રણકાર કરીને સ્વાગત કરવામાં આવતું હતું તે જ રીતે સ્વાગત કરશે તેમજ સમાજના અગ્રણી પ્રતિભાબેન દવે ભગવાનની આરતી કરશે.






સ્મૃતિ યાત્રા- ભારતમાં સૌ પ્રથમ ધર્મના પ્રચાર માટે પગ મુકનાર બગવાન ઈસુના બાર શિષ્યો પૈકીના એક સંત થોમસની સ્મૃતિમાં નગરના ખ્રીસ્તી પરિવારો દ્વારા સેકટર-૮ ના ચર્ચ ખાતેથી સ્મૃતિ યાત્રા યોજાઈ હતી. આ યાત્રા સેકટર -૮ ચર્ચ થી ચ-૩ થઈને ચ માર્ગ પર થઈને સેકટર-૮ માં પરત ફરી હતી. સંત થોમસના જીવન કવન આલેખતા સુત્રો અને ગીતો ગાતા-ગાતા નીકળેલા ખ્રિસ્તી સમુહને નગરજનોએ આદરપૂર્વક નિહાળ્યા હતા. આ સ્મૃતિયાત્રામાં મોટીસંખ્યામાં ખ્રિસ્તી સમાજના ભાઈ-બહેનો, યુવાનો અને નાના બાળકથી લઈને મહિલાઓ પણ ઉત્સાહભેર જોડાઈ હતી.

# શ્રમિકો માટે ટોયલેટ સુવિધા ઉભી કરવા કમિશનરની કડક સૂચના

**હરાજીમાં પ્લોટ ખરીદ્યા બાદ ત્યાં બાંધકામ ચાલી રહ્યુ છે : સે-૬માં બાંધકામ સાઈટો પર કામ કરતા ૧૦૦ જેટલા શ્રમિકો માટે ટોયલેટની સુવિધા જ નથી એટલે ખુલ્લામાં જતા હોવાથી એરીયા ગંદકીથી ખદબદે છે...!**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર મનપા કમિશનરે આજે રવિવારે સવારે સેકરટ-૬ અપનાબજાર આસપાસનો વિસ્તાર કે જે ગંદકીથી અને અસહ્ય દુર્ગંધથી ખદબદે છે ત્યાં વીઝીટ કરી હતી. ત્યાં હરાજીના પ્લોટ ખરીદ્યા બાદ બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે અને ૧૦૦ જેટલા શ્રમિકો કામ કરી રહ્યા છે તેને ટોયલેટની કોઈ સુવિધા જ પુરી પાડવામાં ન આવી હોવાથી ખુલ્લામાં જતા હોવાનું ધ્યાને આવ્યું છે જેને કારણે અસહ્ય દુર્ગંધ અને ગંદકીથી આ વિસ્તાર પંકાઈ ગયેલો છે. બાંધકામ સાઈટ પર કામ કરતા આ શ્રમિકો માટે તાત્કાલીક ટોયલેટની વ્યવસ્થા ઉભી કરવા પ્લોટ માલિકોને કમિશનરે કડક સુચનાઓ આપી દીધી છે અને જો સુવિધા નહી અપાય તો કન્સ્ટ્રકશન કામ બંધ કરાવી દેવાની કાર્યવાહી કરવામાં આવશે તેની ચીમકી આપવામાં આવી છે. તે ઉપરાંત બીજુ કારણ આસપાસની ઝુંપડપટ્ટી છે જેને હટાવવા ઝુંબેશ ચલાવાઈ રહી છે.

તાજેતરમાં ઘ-૨ સર્કલ નજીક અપનાબજાર પાસે સે-૬ ખાતે પ્લોટની હરાજી થઈ હતી. ૨૦ પ્લોટની હરાજીમાંથી બે પ્લોટ ૨૬ કરાયા હતા અને બાકીના ૧૮ પ્લોટ પૈકી હાલ ૧૨ થી ૧૪ પ્લોટમાં બાંધકામની પ્રક્રિયા ચાલી રહી છે. અહીં દરરોજ અંદાજે ૧૦૦ જેટલા શ્રમિકો કામ કરે છે. આ શ્રમિકોને મળ મુત્ર ત્યાગ માટે માલિકો દ્વારા કોઈ જ વ્યવસ્થા કરવામાં આવી ન હોવાનું આજે રવિવારે મનપા કમિશનરે લીધેલી વીઝીટમાં ધ્યાને આવ્યું છે. જેને પગલે આ શ્રમિકો ખુલ્લામાં મળ-મુત્ર ત્યાગ કરતા હોવાથી ગંદકી અને દુર્ગંધનું સામ્રાજય વધ્યું છે. આ એરીયાને નીટ એન્ડ કલીન કરાવવા પ્લોટ માલિકોને કડક શબ્દોમાં કમિશનરે સુચના આપી દીધી છે કે શ્રમિકો માટે તાત્કાલિક અસરથી ટોયલેટ વ્યવસ્થા ઉભી કરાવો. તે વ્યવસ્થા ઉભી ન થાય ત્યાં સુધી કોર્પોરેશનના મોબાઈલ ટોયલેટ મુકવામાં આવશે અને જો આ સુવિધા ગણતરીના દિવસોમાં ઉભી કરવામાં નહી આવે તો બાંધકામ કામગીરી બંધ કરાવી દેવા સુધીના પગલા લેવા કમિશનરે તૈયારી બતાવી છે.

## સે-૧ ગાયત્રી મંદિર ખાતે નિઃશૂલ્ક દંત ચિકિત્સક કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૩

ઈનોવેટીવ ડેન્ટલ સોલ્યુશન અને ગાયત્રી શકિતપીઠ પરિવાર ટ્રસ્ટના સહકારથી આજે નિશૂલ્ક દંત ચિકિત્સકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૫૦ થી વધુ દાંતની વિવિધ બિમારીથી પિડાતા લાભાર્થીઓએ લાભ લીધો હતો.



અત્યારની હાઈફાઈ જીંદગીમાં દરેક નાગરીકોની ખાણીપીણી બદલાઈ જવા પામી છે. જંક ફુડની સાથે સાથે વ્યસનની માત્રામાં પણ અધધ વધારો થવા પામ્યો છે. દરેક નાગરીક પોતાનું શરીર સ્વસ્થ રહે તે માટે ખાસ તકેદારી રાખતા હોય છે. શરીરમાં દાંતની કાળજી લેવી એ અત્યંત આવશ્યક છે. આજના સમયમાં દાંતના રોગમાં પાયોરીયા, સડો, તમાકુના કારણે મોઢુના ખુલવું, અવાળુ ફુલવું, જીભ અને મોંઢામાં ચાંદા, વાંકા ચુકા દાંત સહિતની સમસ્યાઓ જોવા મળી રહી છે. જેને અનુલક્ષી ગાંધીનગર સેકટર-૧ ખાતે આવેલ પ્રસિધ્ધ ગાયત્રી શકિતપીઠ ખાતે આજે ગાયત્રી પરિવાર અને ઈનોવેટીવ ડેન્ટલ સોલ્યુશનના સંયુકત ઉપક્રમે નિશુલ્ક ડેન્ટલ કેમ્પનું આયોજન સવારે ૯ થી ૧૨ દરમિયાન મંદિરના હોલ ખાતે કરવામાં આવ્યું હતું. ગાયત્રી શકિતપીઠના ચેરમેન કે.ડી.ગોહીલે દિપ પ્રાગટય કરીને ડેન્ટલ કેમ્પને ખુલ્લો મુક્યો હતો. દાંતની વિવિધ સમસ્યાઓથી પિડાતા ૫૦ થી વધુ નાગરીકોએ નિશુલ્ક કેમ્પનો લાભ લીધો હતો. ડોક્ટર પાર્થ કાપડીયાએ શિબિરમાં આવેલ લાભાર્થીઓને દાંતની સમસ્યા સાંભળીને દવા તેમજ જરુરી ટ્રીટમેન્ટ પુરી પાડી હતી.નાના બાળકો બ્રશ કરવા માટે પ્રોત્સાહીત થાય તે માટે શિબિરમાં આવેલા નાના બાળકોને નિશુલ્ક ટુથ બ્રશ આપવામાં આવ્યા હતા. આ શિબિરમાં શહેરના જાણીતા ડેન્ટલ ડોકટર પાર્થ કાપડીયા અને તેમની ટીમના સભ્યોએ સેવા આપી હતી.



ચિલોડા પંથકના ધરતીપુત્રો લાંબી પ્રતિક્ષાબાદ આકાશ તરફ મીટ માંડીને વરસાદની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.અસહ્ય બાફથી નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે મેઘરાજા જાણે રીસાઈને બેઠા હોય તેવુ લાગી રહ્યુ છે. ત્યારે સાંજના સુમારે તીવ્ર પવનના સુસવાટા વચ્ચે પવનદેવ પોતાનો મિજાજ દેખાડી રહ્યા છે. વરસુ કે ન વરસુ તેમ કહીને વરુણદેવ છાંટા પાડીને જગતના તાતની જાણે પરીક્ષા લેતા હોય તેમ દેખાઈ રહ્યું છે. ત્યારે ચિલોડા પંથકમાં મેઘરાજાને મનાવવા જનકપુરી ભજન મંડળની મહિલાઓએ રાત્રે રામધુન દ્વારા મેઘરાજાને મનાવવા પ્રાર્થના કરી હતી. ત્યારબાદ વરસાદની પધરામણી થતા ખેડુતોમાં આશાનો સંચાર થયો હતો.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર શહેર ભાજપની કારોબારીમાં સંગઠ્ઠનના પૂર્વ હોદ્દેદારોને નિમંત્રણ નહિ અપાયાની વાતને લઈ આજે ભારે ગણગણાટ કાર્યકર્તાઓમાં સાંભળવા મળ્યો હતો.

● ગાંધીનગરના કાઉન્સીલર નીતિન પટેલને પગે ફ્રેક્ચર થયું છે. મહેસાણા પ્રદેશ કારોબારી દરમિયાન તેઓ ખાડામાં પડતાં આ ફ્રેક્ચર થવાનું કહેવાય છે.

● ગાંધીનગર શહેર અને તાલુકામાં આજે પાંચ વાગે વરસાદનું આગમન થતાં ખુશીનો માહોલ છવાયો હતો.

● ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય હમણાં દિલ્હી જઈ આવ્યાની વાતે રાજકીય ચર્ચા જગાવી છે.

● ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય બીમા યોજના અંતર્ગત ૪૧૮૮ લાભાર્થીઓની સારવાર પાછળ રૂ. ૨,૮૨,૪૯,૩૩૯નો ખર્ચ થયો છે.

● જિલ્લાના ૧૪ જેટલા અધિકારીઓને ઓછુ પરિણામ મેળવનાર મા. શાળાની જવાબદારી પણ સોંપવાના હૂકમો કરાયા છે.

● આજે સોમવતી અમાસ હોવાથી નગરજનોમાં પૂજા અને ભક્તિ માટેનો અનોખો માહોલ જોવા મળી રહ્યો છે.

## અમદાવાદમાં આજે ભાજપના સાંસદોની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૩

અમદાવાદ ખાતે આવતીકાલે ભાજપના સાંસદોની એક બેઠક મળશે. જેમાં સાંસદોની કામગીરી અને તેમની ભૂમિકા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે અને માર્ગદર્શન આપવામાં આવશે.

પ્રદેશ ભાજપ દ્વારા આવતીકાલે અમદાવાદ ખાતે ભાજપના લોકસભા અને રાજ્ય સભાના સાંસદોની બેઠક પ્રદેશ ભાજપ પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં મળશે. જેમાં પ્રભારી વી. સતીષ, દિનેશ શર્મા, મુખ્યમંત્રી, ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ પુરૂષોત્તમ રૂપાલા ઉપસ્થિત રહેશે.

# GIFT CITY : ૨૦૧૮માં ૩૦,૦૦૦ અને પ્રોજેક્ટ પૂર્ણ થયે ૫,૦૦,૦૦૦ લોકો જોબ કરતા હશે




ગુજરાતમાં બેરોજગારી ભલે ઓછી થતી ન હોય, ગાંધીનગરની ગિફ્ટ સિટીમાં નોકરી જ નોકરી છે એવું ગિફ્ટના ઓફિસરો માને છે. તેમના મતે ૨૦૧૮ સુધીમાં ગિફ્ટ સિટીમાં ૩૦,૦૦૦ નવી જોબનું સર્જન થશે. સિંઝુકુ, ટોક્યો, લુજીયાઝૂઈ, સાંઘાઈ, લા ડિફેન્સ, પેરિસ અને લંડન ડોકયાર્ડ્સ તરફથી ફાયનાન્સિયલ સેન્ટર અહીં ચાલુ થાય છે. ગિફ્ટ સિટીના એમડી અજય પાંડેના કહેવા પ્રમાણે ત્રણ ફેઈઝમાં તૈયાર થનારા ગિફ્ટ સિટીમાં ૭૦,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ થઈ રહ્યું છે. હાલ આ સિટીમાં આવેલી બિઝનેસ ઓફિસોમાં ૩૫૦૦ લોકો કામ કરી રહ્યાં છે. જ્યારે ગિફ્ટ સિટી પૂર્ણરીતે ડેવલપ થશે ત્યારે આ સ્થળે પાંચ લાખ લોકો જોબ કરતા હશે. ગાંધીનગરની બહાર ન્યૂ ગાંધીનગર બનાવવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આ ડ્રીમ પ્રોજેક્ટ છે.

**● જે પટેલે ન કર્યુ તે વણિકે કરી બતાવ્યું છે...**

ગુજરાત સરકારમાં પટેલ નેતાઓએ ન કર્યુ તે એક વણિકે કરી બતાવ્યું છે. ગુજરાતના વણિક દિલ્હીમાં પણ મશહૂર છે અને ગાંધીનગરમાં પણ મશહૂર બન્યા છે. ભાજપના સંગઠનમાં એક સિનિયર છે, બીજા જૂનિયર છે. નવી દિલ્હીમાં નરેન્દ્ર મોદીના ડાબા હાથ સમાન અમિત શાહ સમગ્ર ભાજપની કમાન લઈને બેઠાં છે, જ્યારે ગુજરાતની કમાન વિજય રૂપાણીના હાથમાં છે. સરકાર અને સંગઠનમાં તેમનો દબદબો છે. તેમના પ્રદેશ પ્રમુખ બન્યા પછી પાટીદાર અનામત આંદોલન વેરવિખેર બની ચૂક્યું છે. હવે કોઈ પાટીદાર નેતાઓ સરકારથી અસંતોષ વ્યક્ત કરતા જોવા મળતા નથી. મહિલા ચીફ મિનિસ્ટર આનંદીબહેન પટેલ, સિનિયર મિનિસ્ટર નિતીન પટેલ અને ભાજપના સિનિયર એમપી વિઠ્ઠલ રાદડિયા જેવા પાટીદાર નેતાઓ જે ન કરી શક્યા તે એક વણિકે કરી દીધું છે. તેમણે પાટીદાર આંદોલનને શાંત કર્યુ છે અથવા તો વેરવિખેર કરી દીધું છે.

**CS નહીં તો વાયબ્રન્ટ ગુજરાતની લિડરશીપ પણ મળી શકે તેમ છે | સરકારમાં એક ખાલી જગ્યા ભરાય છે સામે ૫૦ જગ્યા ખાલી પડે છે | ગુજરાતમાં પટેલ કરતાં વણિક સવાયા નિકળ્યા, આંદોલન વેરવિખેર**

**● સરકારી નોકરી અને સોશ્યલ સાઇટ્સ...**

પેપરલેસ ઓફિસ બનાવવાના પગલાં સરાહનિય છે, કારણ કે પ્રતિવર્ષ લાખો ટન કાગળનો બચાવ થાય છે અને એટલા વૃક્ષ ઓછા કપાય છે. નરેન્દ્ર મોદીની દૂરંદેશીના કારણે ગુજરાત સરકારમાં પેપરલેસ વહીવટ શક્ય બન્યો છે. હવે સરકારી ઓફિસોમાં ફાઈલનું સ્થાન સોશ્યલ સાઈટ્સ લઈ રહી છે. અધિકારીઓની બદલી થાય ત્યારે ઓર્ડરની હજારો કોપી ઝેરોક્સ થતી હતી પરંતુ હવે આ કોપી મેઈલ કે વોટ્સઅપ જેવા સોશ્યલ સાઈટ્સના માધ્મમથી જે તે વ્યક્તિને પહોંચાડી શકાય છે. જેવી રીતે બેન્કોમાં પેપરલેસ વહીવટી થઈ રહ્યો છે તેવી રીતે સરકારમાં પણ આવું શક્ય બન્યું છે. સરકારની મોબાઈલ એપ્સ આ દિશામાં સૌથી ઉંચુ કદમ છે, પરંતુ તેને વેલ અપડેટ રાખવું પડશે કે જેથી લોકોના સચિવાલયના ધક્કા બચી શકે અને તેમને જે જોઈએ છે તે સીધું હાથમાં મળી શકે. માહિતી વિભાગ તો મિડીયા માટે સંપૂર્ણ પેપરલેસ થઈ ચૂક્યો છે.

**● તમે નહીં તો તમારો ફોટો પણ ચાલશે...**

'તુ નહીં તો તારો ફોટો પણ ચાલશે...' એ સલમાન ખાનની 'જય હો' ફિલ્મનું ગીત છે. આ ગીત ૨૦૧૭ની ચૂંટણીમાં રંગ લાવે તેવો પ્લાન બની રહ્યો છે. વિધાનસભાની ચૂંટણી ગુજરાત માટે છે પરંતુ પબ્લિસિટી આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કરવાની છે. તાજેતરમાં ભાજપના મધ્યસ્થ કાર્યાલય ખાતે યોજાયેલા જ મિડીયા વર્કશોપમાં મોદીની મોબાઈલ એપ ને પોપ્યુલર બનાવવાના આદેશ આપવામાં આવ્યા છે. એટલે કે મોદીના નામે વિધાનસભાના ઉમેદવારોને તારવાનો બહુ મોટો પ્લાન ભાજપ બનાવી રહ્યું છે. આવતા વર્ષે ગુજરાતમાં નરેન્દ્ર મોદી છવાયેલા રહે તેવો પ્રદેશ ભાજપનો માસ્ટરપ્લાન છે. સચિવાલયમાં એક ઓફિસરે કહ્યું હતું કે 'ગુજરાતમાં નરેન્દ્ર મોદી નહીં હોય તો પણ તેમના ફોટામાત્રથી ભાજપે વિજય હાંસલ કરવાનું મન બનાવી લીધું છે.'

**● ઇન્ટરવ્યુ સાથે પર્સનલ એટીટ્યુડ જોઇએ...**

અમેરિકામાં ફરવા જવું હોય અથવા તો યુએસના વિઝા જોઈતા હોય તો ૨૨મી ઓગષ્ટ પછી તમારે ફેસબુક કે ટ્વિટર એકાઉન્ટના યુઝર આઈડી અને પાસવર્ડ ફરજીયાત આપવા પડશે તેવો નવો નિયમ યુએસ કસ્ટમ એન્ડ બોર્ડર પ્રોટેકશન તરફથી લાગુ કરવામાં આવી રહ્યો છે ત્યારે ગુજરાત સરકારે પણ ભરતી વખતે ઉમેદવારો પાસેથી આ પ્રકારના આઈડી મેળવવાનો આગ્રહ રાખવો જોઈએ, કારણ કે જોબની સાથે સાથે પર્સનલ એટીટ્યુડ પણ મહત્વનો ભાગ ભજવે છે. જે તે ઉમેદવારની વર્તણૂક સોશ્યલ સાઈટ્સ પરથી ખબર પડી શકે છે. તેના ગમા અને અણગમા જાણવા હોય તો પણ જાણી શકાય છે. સરકારમાં ભરતી કરતી વખતે એજન્સીઓ ઉમેદવારના મોબાઈલ નંબર અને મેઈલ આઈડી માગે છે તેમ હવે સોશ્યલ સાઈટ્સના આઈડી પણ માગવા જોઈએ.

**● ચાર વર્ષમાં ૭૮૦૦૦ જગ્યાઓ ખાલી પડશે...**

ગુજરાત સરકારની નોકરીમાં નિવૃત્તિની મોસમ આવી છે. એક તબક્કો હતો જ્યારે સરકારી નોકરી માટે સામેથી કોલ લેટર ઘરે આવતા હતા. સરકારી નોકરી જોઈન્ટ કરો અને જીંદગી બનાવો.. એ સરકારનું સૂત્ર હતું, પરિણામે લાખો યુવાનો જે તે સમયે નોકરીમાં જોડાયા હતા. છેલ્લા પાંચ વર્ષથી આ યુવાનો નોકરીમાંથી નિવૃત્ત થઈ રહ્યાં છે જેની સંખ્યા હજારોમાં છે. માર્ચ-૨૦૧૬ના અંતે છેલ્લા એક વર્ષમાં સરકારી નોકરીમાંથી ૧૮૮૭૨ કર્મચારીઓ નિવૃત્ત થઈ ચૂક્યાં છે. હવે ૨૦૧૬-૧૭માં બીજા ૧૮૬૧૨ કર્મચારીઓ નિવૃત્ત થવાના છે. આટલી મોટી સંખ્યામાં નિવૃત્તિ પાંચ વર્ષ પહેલાં ક્યારેય જોવા મળી નથી. આવનારા ચાર વર્ષમાં (૨૦૧૭થી ૨૦૨૦) સરકારી નોકરીમાં કુલ ૭૮૦૭૪ જગ્યાઓ ખાલી પડવાની છે, જેની સામે સરકારની ભરતી પ્રક્રિયા મંથર ગતિએ ચાલી રહી છે, જેની સીધી અસર વહીવટી પર પડી શકે છે. સરકારે ભરતી એજન્સીઓને એલર્ટ કરી દેવાની જરૂર છે.

**● ગાડરિયો પ્રવાહ હોય ત્યાં કેવી દશા થાય...**

ગુજરાતના શિક્ષણક્ષેત્રમાં ગાડરિયા પ્રવાહ જેવું છે. પહેલાં મેડિકલ હોટ ફેકલ્ટી હતી હવે એન્જીનિયરીંગ હોટ છે. દેખા દેખીમાં આપણે મેઈન સ્ટ્રીમ બીકોમ, બીએ અને બીએસસીને ભૂલી ચૂક્યાં છીએ. ગુજરાતમાં એક સમય એવો હતો કે દિકરો એન્જીનિયર બને એટલે મા-બાપની ખૂશીઓનો પાર ન હતો. દિકરાને ચાર વર્ષની એન્જીનિયરીંગ પછી હેન્ડસમ જોબ મળી જતી હતી તેથી અન્ય વિદ્યાથીઓ એન્જીનિયરીંગ સેક્ટરમાં વધુને વધુ એડમિશન લેવા લાગ્યા અને રાજ્યમાં એન્જીનિયરીંગ કોલેજોનો રાફડો ફાટ્યો. આજે સ્થિતિ એવી છે ગુજરાત એ એન્જીનિયરીંગ વિદ્યાર્થીઓ પેદા કરવાની ફેક્ટરી બની ચૂક્યું છે, પરિણામ એ આવ્યું કે હાલની સ્થિતિએ ૧૬૦૦૦ એન્જીનિયર સ્ટુડન્ટ્સ નોકરી વિના બેકાર બેઠાં છે. તેમના હાથમાં કોઈ કામ નથી. આમ છતાં આજે રાજ્યમાં ૭૧૮૨૯ બેઠકો છે અને ચાલુ વર્ષે ૨૮૦૦૦ કરતાં વધારે બેઠકો ખાલી પડે તેવી સરકાર અને કોલેજ સંચાલકોને ભિતી છે.

**● CS નહીં તો VG માં જોબ મળશે...**

ગુજરાતના હાલના ચીફ સેક્રેટરી ગંગારામ અલોરિયાના બન્ને હાથમાં લાડુ છે. કહેવાય છે કે ચીફ સેક્રેટરીના પદ પર વધુ છ મહિનાનું એક્સટેન્શન નહીં મળે તો ૨૦૧૭ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં તેમની સૌથી મોટી જવાબદારી હશે. આ સિનિયર મોસ્ટ ઓફિસર ૩૧મી જુલાઈએ વય નિવૃત્ત થાય છે. જો કે જે સ્થિતિ હશે તે આ મહિનાના મધ્યમાં સ્પષ્ટ થઈ જાય તેમ છે. ગંગારામ અલોરિયાને જો એક્સટેન્શન ન મળે તો મોસ્ટ પાવરફુલ પર્સન જે.એન.સિંઘને ચીફ સેક્ટેરી પદ મળી શકે તેમ છે અને તેમનો ટેન્યોર લાંબો છે. સિંઘ એ ૧૯૮૩ બેચના ગુજરાત કેડરના આઈએએસ ઓફિસર છે અને હાલ ફાયનાન્સ ડિપાર્મેટન્ટમાં એડિશનલ ચીફ સેક્રેટરીના હોદ્દા પર ફરજ બજાવે છે. ગુજરાતની બ્યુરોક્રેસીમાં સામાન્યરીતે એવું જોવાયું છે કે ફાયનાન્સ ડિપાર્ટમેન્ટના હેડ હોય તે જ ચીફ સેક્રેટરી બને છે.